# પ્રકરણ -૧૫

# કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો

## પ્રકરણ - ૧૫

# કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો
## વિવિધ પ્રવૃતિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે ખાતાએ નકકી કરેલ ધોરણોની વિગતો

**(૧) પછાતવર્ગોને યોજનાકીય લાભો આપવા બાબત :-**

સરકારશ્રીના ઠરાવમાં નકકી થયા મુજબની શરતો અરજીમાં પરિપૂર્ણ થતી હોઈ તો તે મુજબ સંસ્થાની જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) લાભ આપવાના હુકમો કરેશે તેમજ નિયામકશ્રી કક્ષાએ અમલમાં આવતી યોજનાના સંદર્ભમાં નિયામક કક્ષાએ લાભ આપવાના હુકમો કરવામાં આવે છે.

**(૨) પૂજય રવિશંકર મહારાજ એવોર્ડ તથા નાલંદા એવોર્ડ યોજના :-**

વિવિધ રીતે જાહેરાતો આપવા તથા અન્ય રીતે આ એવોર્ડ માટે યોગ્ય અરજીઓ મેળવી તે પૈકી યોગ્ય ઉમેદવારને ભલામણ માટે તેઓની વિગતોસહ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવે છે ત્યારબાદ સમિતિની ભલામણો ધ્યાન રાખી સરકાર કક્ષાએ નિર્ણય લેવામાં આવે છે.

**(3) ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળા/છાત્રાલયની મંજુરી આપવા બાબત**

યોગ્ય માધ્યમ ધ્વારા જાહેરાત આપી જિલ્લા કચેરીઓ મારફત અરજીઓ મેળવી ચકાસણી કરાવી અત્રે એકત્ર કરી મંજુરી અર્થે માન. મંત્રીશ્રી સમક્ષ રજુ કરી તેઓની ભલામણના આધારે પ્રાથમિક મંજુરી અને ત્યારબાદ સંબંધિત પ્રવૃતિ શરૂ થયે વિધિવત મંજુરીની કાર્યવાહી કરવામાં આવે છે.

**(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રની ચકાસણી / રદ કરવા બાબત**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શંકાસ્પદ જણાયેલ જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરી યોગ્ય તે આદેશ કરવામાં આવે છે.